StudentBounty.com

# ધોરણ - ૧૨ ગુજરાતી

## નમુનાના પ્રશ્નપત્રની યોજના

ધોરણ - ૧૨
સમય : ૩ કલાક ને ૧૫ મિનિટ

વિષય :
કુલ ગુણ :

નિર્દેશ :- બધા જ પ્રશ્નો કરવાના છે.
બધા જ પ્રશ્નોના માર્કસ તેની સામે જ લખેલા છે.

---

★ નીચે આપેલા ગદ્યખંડ (ફકરા) ને વાંચી ને તેના પ્રશ્નોના જવાબ લખો.

શિસ્તના બે પ્રકાર છે. સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત. 'સોટી વાગે ચમ ચમ ને વિદ્યા આવે ધમ ધમ'. એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે. પરંતુ આ જમાનામાં આ શિસ્ત કામની નથી. સ્વયંશિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે. ફરજિયાત પળાતી શિસ્તમાં ભય હોય છે. સ્વયંશિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી. વિદ્યાર્થીઓ કે વ્યક્તિઓ જાતે જ સમજી વિચારીને શિસ્તની ભાવના કેળવે છે. આપણા માં શિસ્તની ભાવના હશે તો અમેરિકા જેવા દેશની જેમ આપણા દેશની પણ પ્રગતિ થઈ શકશે. શિસ્તના અભાવે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. શાળાઓમાં વિદ્યાર્થીઓની અનિયમિતતા, ઘોંઘાટ, માલ-મિલકતનું નુકશાન, હડતાલ, મારામારી વગેરે ગેરશિસ્તના જ પરિણામ છે. શિસ્તને સદ્‌વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે. જ્યાં વિનય, વિવેક અને જવાબદારીની ભાવના હોય છે ત્યાં શિસ્ત જળવાય છે અને વાતાવરણ સુખદ બને છે.

★ પ્રશ્નો :-

(૧) શિસ્તના બે પ્રકાર કયા છે ? (૦૨)

(૨) બાળકોનો વિકાસ કેવી રીતે થઈ શકે ? (૦૨)

(૩) કોના ઉપર શિસ્ત લાદવામાં આવે છે ? એ બરાબર છે ? (૦૨)

(૪) ગેરશિસ્તના પરિણામો કયા કયા છે ? (૦૨)

(૫) શિસ્ત ક્યાં જળવાઈ રહે છે ? (૦૨)

(૬) નીચે આપેલા વિષયોમાંથી કોઈ એક પર ૨૦૦ કે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો :- (૧૦)

(૧) જીવનમાં હાસ્યનું મહત્ત્વ
(૨) શિયાળાની સવાર
(૩) માતૃપ્રેમ
(૪) મોંઘવારી
(૫) દહેજ એક સામાજિક દૂષણ

(૭) નીચે આપેલા મુદ્દાઓના આધારે વાર્તા લખી ઉચિત શીર્ષક આપો :- (૦૫)

મુદ્દા :- રાજાનું છુપા વેશે નગરમાં ફરવા નીકળવું - સિપાહીને માર્ગ પુછવો - સિપાહીનો સભ્ય જવાબ - સાથે આવવાનો આગ્રહ - લાલચ આપવી - સિપાહીનું ગુસ્સે થવું - મુસાફરના વેશમાં આવેલા રાજાને થપ્પડ મારવી - બીજા દિવસે સિપાહીને દરબારમાંથી તેડું આવવું - વફાદારીનો બદલો - બોધ.

(૮) તમે રેલ્વે ઉચ્ચ માધ્યમિક વિદ્યાલય આબુરોડના વિદ્યાર્થી અભિષેક છો. તમારા મિત્ર મેહુલની પસંદગી રાજ્યસ્તરની ફૂટબોલ ટીમ માટે થઈ છે. તો અભિનંદન આપતો પત્ર લખો :- (૦૫)

StudentBounty.com

(૯) નીચેના અલંકારમાંથી ગમે તે એક નાં લક્ષણ ઉદાહરણ સાથે લખો. (૦૨)

૧) ઉપમા     ૨) વ્યતિરેક

અથવા

નીચેના આપેલા સમાસ સમજાવો.

૧) કર્મધારય સમાસ     ૨) દ્વિગુ સમાસ

(૧૦) નીચેના રૂઢિપ્રયોગના અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે એક) (૦૨)

૧) માગણીને માન આપવું.

૨) લોભ જતો કરવો.

(૧૧) નીચે આપેલ વાક્યને ભવિષ્યકાળમાં ફેરવી લખો. (૦૨)

૧) અમે જઈએ છીએ.

(૧૨) નીચે આપેલ વાક્યને વર્તમાનકાળમાં ફેરવી લખો. (૦૨)

૧) તેઓ જમવા આવ્યા હતા.

(૧૩) નીચેના વાક્યને ક્રમમાં ગોઠવો. (વાક્ય શુદ્ધ કરો.) (૦૨)

૧) જઈને આવો તમે સોમનાથ.

★ નીચેનો ફકરો (ગદ્યખંડ) વાંચી પ્રશ્નોના જવાબ લખો.

"માતા-પિતાની આજ્ઞા એ જ ધર્મ છે. તેઓ ગુરુ છે. તેઓ પરમેશ્વર છે. તેમને પરમેશ્વર માનીને શ્રવણે પોતાનો ઉદ્ધાર સાધ્યો. રામે પિતાની આજ્ઞાનું પાલન કરતાં રાજપાટ તજ્યો. ~~હવે તમે કહો કે~~ અસ્પૃશ્યતા અધર્મ છે. ~~મેલા ધોવાય નહિ~~ તો હિન્દુ ધર્મનો નાશ થાય. અમને ઘણાને તમારી વાત સાચી લાગે છે. પણ માત-પિતાને ગળે એ વાત ઉતરતી નથી. મારા એક મિત્રે હરિજન સેવા આદરી એટલે તેની મા ઘરમાંથી ભાગી ગઈ તે માંડ મધરાત પછી હાથ આવી. ઘરમાં તો આવી છે, પણ મિત્રને ધર્મસંકટ ઊભું થયું છે. હવે આ મિત્ર શું કરે ? આવું તો ઘણાં યુવકોને બનતું હશે."

★ પ્રશ્નો :-

(૧૪) રામ અને શ્રવણને માતા-પિતાની સેવાથી શા લાભ-ગેરલાભ થયાં ? (૦૨)

(૧૫) મિત્રને હરિજનની સેવા કરવાથી શું નુકશાન થયું ? (૦૨)

નીચેના છ માંથી ગમે તે ચાર પ્રશ્નોના જવાબ લખો.

(૧૬) લેખકની આંખમાંથી દડ દડ પાણી ક્યારે ટપકી પડ્યું ? (૦૨)

(૧૭) લેખકને દાતારનો અનુભવ શાથી થયો ? (૦૨)

અથવા

નેતાઓની ગેરહાજરીમાં લોકોએ સ્વદેશ પ્રત્યેની ફરજ અદા કરવા શું શું કર્યું ?

StudentBounty.com

(૧૯) પુત્ર ઘરે પાછો ફરે તે માટે ગોરાણીએ શું શું કર્યું ?

અથવા

ઘર કરતાં ઓફિસમાં નોકરી કરવાનું નોકર શા માટે ઈચ્છે છે ?

(૨૦) નીચેનામાંથી કોઈપણ બે ટૂંકનોંધ લખો. (૦૬)

(૧) મીરાંબાઈ

(૨) ગુજરાતના ગરબા વિશે

(૩) ગુજરાતી સાહિત્યના કેટલાંક સ્વરૂપોનો સામાન્ય પરિચય

અથવા

મોટાભાગનું સાહિત્ય ધર્મના રંગે રંગાયેલું છે. સમજાવો.

(૨૧) પ્રથમ દુહામાં નારીનો મહિમા કવિ દ્વારા કઈ રીતે વર્ણવાયો છે ? (૦૫)

(૨૨) કાવ્યમાં વર્ણવાયેલાં તડકાનાં જુદા જુદા રૂપોનું ચિત્રણ તમારા શબ્દોમાં કરો. (૦૫)

(૨૩) બોલમાં કાવ્યનું વર્ણન કરો. (૩ $\frac{૧}{૨}$)

(૨૪) કુંવરબાઈનું મામેરું કાવ્યનું રસદર્શન કરો. (૩ $\frac{૧}{૨}$)

(૨૫) નીચેની કાવ્યપંક્તિઓ સમજાવો (કોઈપણ એક) (૦૫)

૧) ધન્ય જમુના તટ, ધન્ય વંસી વટ,
ધન્ય ધન્ય આ અવતાર રે,
ધન્ય નરસૈયાની જીભલડી જેણે,
ગાયો રાગ મલાર રે.

૨) ગંગાના નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે ............ જનનીની...

૩) છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું !
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !

StudentBounty.com

# ધોરણ - ૧૨ ગુજરાતી

ધોરણ - ૧૨

## નમુનાના પ્રશ્નપત્રની યોજના

વિષય : ગુ

સમય : ૩ કલાક ને ૧૫ મિનિટ

કુલ ગુણ : ૮૦

★ ગદ્યખંડ (ફકરા) ના જવાબ

(૧) સ્વયં શિસ્ત અને ફરજિયાત શિસ્ત. (૦૨)

(૨) શિસ્તના વાતાવરણમાં બાળકોનો સાચો વિકાસ થઈ શકે. (૦૨)

(૩) વિદ્યાર્થીઓ, એ બરાબર નથી. (૦૨)

(૪) અનિયમિતતા, ઘોંઘાટ, માલ-મિલકતનું નુકશાન અને મારામારી વગેરે. (૦૨)

(૫) સદ્‌વ્યવહાર, વિનય-વિવેક અને જવાબદારીની ભાવનામાં રહે છે (૦૨)

(૬) નિબંધ મુદ્દા :- (૧૦)

માતૃપ્રેમ :- (૧) માતાના સ્નેહની મહત્તા (૨) બાળક માટે માતાનો ભોગ (૩) બાળકમાં સંસ્કાર સીંચવાનું માતાનું કાર્ય (૪) નરરત્નો ને નારી રત્નો ઘડતી માતા (૫) પશુપક્ષીમાં માતૃપ્રેમ (૬) ઉપસંહાર

(૭) વાર્તાના મુદ્દા :- (૦૫)

રાજા છુપાવેશે નગર યાત્રા કરવા નીકળે છે. સિપાહીને માર્ગ પુછે છે. સિપાહી સભ્ય રીતે માર્ગ બતાવે છે. રાજા ખુશ થાય છે. રાજા સિપાહીને સાથે જ આવવા કહે છે. લાલચ આપે છે. પરંતુ સિપાહી રક્ષણ કાર્ય છોડી જતો નથી પરંતુ ગુસ્સે થઈને છુપા વેશમાં રહેલા રાજાને થપ્પડ મારે છે. રાજા જતો રહે છે. પછી સવારે સિપાહીને દરબારમાં બોલાવીને સિપાહીને નોકરીની વફાદારી માટે ખૂબ જ મોટું ઈનામ આપે છે. બોધ એ જ કે પોતાનું કામ ધ્યાનથી કરવું કોઈની પણ લાલચમાં આવવું નહીં. આ વાર્તાને 'ઈમાનદાર સિપાહી' શીર્ષક આપી શકાય.

(૮) પત્ર :- (૦૫)

પ્રિય મિત્ર મેહુલ, અભિનંદન

તારા મિત્ર અભિષેકની યાદી. હું રેલ્વે સી.સૈ.વિદ્યાલય આબુરોડમાં ભણું છું. તારી પસંદગી રાજ્યસ્તરની ફૂટબોલ ટીમમાં થઈ છે. તે જાણી ઘણો જ આનંદ થયો. તને ખૂબ ખૂબ અભિનંદન. તારા માતા-પિતાને નમસ્કાર. પત્ર લખજે. લિ. તારો પ્રિય મિત્ર અભિષેકની યાદી

(૯) અલંકાર :- ઉપમા - જુદી જુદી વસ્તુઓને એક ખાસ ગુણ વડે તુલના કે સરખામણી કરવામાં આવે છે. દા.ત.જેવો, જેવું, પેઠે, સમાન વિ. દા.ત.પુણ્યાત્માના ઉંડાણો તો આભ જેવા અગાધ છે.

સમાસ :- કર્મધારય સમાસ :- બન્ને પદ વચ્ચે વિશેષણ વિશેષ્યનો સંબંધ હોય છે. ને ઉત્તરપદ પ્રધાન હોય છે. દા.ત.મહર્ષિ (મહા વિશેષણ) (ઋષિ - વિશેષ્ય)

(૧૦) માગણીને માન આપવું - પ્રસ્તાવ પર ધ્યાન આપવું.

વાક્ય પ્રયોગ :- હું તેની માગણીને માન આપી તે પ્રસંગમાં ગયો.

લોભ જતો કરવો :- લાલસા છોડી દેવી

વાક્ય પ્રયોગ :- પરદેશમાં પગારની લાલસા રાખી કેટલાક લોકો અમેરિકા વિ. જાય છે.

StudentBounty.com



(૧૧) ભવિષ્યકાળમાં જવાબ :- અમે જઈશું.

(૧૨) વર્તમાન કાળમાં જવાબ :- તેઓ જમવા આવે છે.

(૧૩) જવાબ :- તમે સોમનાથ જઈને આવો.

(૧૪) જવાબ :- રામને રાજપાટ તજ્યા ને શ્રવણે ઉધ્ધાર સાધ્યો.

(૧૫) મિત્રને માતા ભાગી જવાથી ધર્મ સંકટ ઊભું થયું એ નુકશાન થયું.

(૧૬) લેખક નું ભણવામાં ધ્યાન ન હોવાથી મામા તેને ચુનિયા ગાંધીની દુકાનમાં કામ કરવા રાખવા જાય છે ત્યારે લેખકની આંખમાં દડ દડ આંસુ આવી જાય છે. ગાંધીના કહેવાથી પોતે સારી રીતે ભણશે એમ લેખક સહમત થયા.

(૧૭) લેખક દાતારની ટૂંકે ફરવા ગયા ત્યાં ટૂંકે ચડતાં ખૂબ તાપ હતો આગળ ઉપર જતા ઠંડક થવાથી લેખક ચારેબાજુનું સૌંદર્ય માણી લેખકને અદ્‌ભૂત અનુભવ થયો.

(૧૮) તાલીમ મળતા શ્રુતિ - હાથથી ને આંખોથી વાત કરતી, સ્કૂલ, હોમવર્ક, રમત ને મિત્રોની વાતો માતા-પિતા ને ભાઈને સ્વસ્થતાથી કરતી, બીથ-ફીડીંગ કરવામાં પણ કુશળતા પ્રાપ્ત કરી લીધી.

અથવા

નેતાઓની ગેરહાજરીમાં ફરજ અદા કરવા કોઈએ રેલના પાટા ઉખેડ્યાં, તાર-ટપાલ વ્યવહાર ખોરવ્યો, સરકારી મકાનોને આગ લગાવી, પોલીસ અફસરોના ખૂન કર્યા, બોમ બનાવ્યા તો કોઈ લોકો એ શસ્ત્રોથી સામુદાયિક હુમલા કર્યા.

(૧૯) પુત્ર ઘેર પાછો ફરે તે માટે ગોરાણીએ જાત જાતની બાધા-આખડીઓ રાખી

અથવા

ઘરમાં ઘણા બધા હોય છે. શેઠ ને શેઠાણીઓ બધા પોતાના કામ પહેલા કરાવવા માગે છે. લોકોનું કામ પહેલા કરવું ને મુશ્કેલ છે. ને ઓફિસમાં એક શેઠ ગુમાસ્તા ને પટાવાળા મળી પાંચ-સાત જ હોય છે. માટે નોકર ને ઓફિસમાં કામ કરવાનું વધારે ઈચ્છે છે.

(૨૦) ટૂંકનોંધ :-

૧. મીરાંબાઈ :- ગુજરાતી ભાષાના ઉત્તમ કવયત્રી સમય સોળમુ સતક, મેડનાના કુડકી ગામે રાજ કુળમાં જન્મ મેવાડના રાણા ભોજરાજા સાથે લગ્ન, શ્રી કૃષ્ણ પ્રત્યે અનન્ય ભક્તિના કારણે સંસાર પરથી મન જ ઉઠી ગયું. સાસરીના ત્રાસથી મેવાડ છોડી વૃંદાવન ગયા ને દ્વારકામાં વસ્યા. તેમના પ્રભુ મિલનને વિરહનાં પદ ખૂબ જ લોકપ્રિય બન્યાં છે.

૨. નવરાત્રીમાં ગરબા ખુબ ધામધુમથી ગવાય છે. માતાની ગરબી આસપાસ ઢોલને સંગીતનાં સાધનો સાથે લોકો ગરબા ગાય છે. આજકાલ પ્રસંગમાં ને નવરાત્રીમાં ઘણી જગ્યાએ ગરબાઓ ગવાય તેમાં ગુજરાતનાં ગરબાઓ અતિ ઉત્તમ છે.

૩. ગુજરાતી સાહિત્યના સ્વરૂપો માં રાસ, પ્રબંધ, ફાગુ, પદ્યવાર્તા આખ્યાન વિગેરે છે. નવલિકા નવલકથા નિબંધ નાટક વિગેરે છે.

અથવા

મોટાભાગનું સાહિત્ય ધર્મના રંગે રંગાયેલું છે નિત્યના ધર્મધ્યાન યૂથપાઠ દેવદર્શન તથા પુરાણોની કથાઓ વિગેરે આખ્યાને મોનો નરસિંહ મીરા જેવા ભકત કવિ કવિ કવયત્રી ઓ રચેલા ધાર્મિક [illegible]

અનુયાયીઓનું સાહિત્ય ધર્મ એજ એનું મોટું પ્રેરકબળ હોય તેમ મોટાભાગનું સાહિત્ય ધર્મ [illegible] રંગે રંગાયેલું છે.

StudentBounty.com

(૨૧) નારીનો મહીમા કવિએ ગાયાં છે નારીની ક્યારેય નિંદાન કરવી નારી રત્નની ખાણ છે. જેમ ખાણમાં થી હીરા મળે છે તેમ નારીએ ધ્રુવ પ્રહલાદ જેવા અનેક મહાન પુરૂષોને જન્મ આપ્યો છે. આ મહાન પુરૂષો રત્નસ્સ સમાન છે.

(૨૨) તડકા કાવ્યમાં કવિએ તડકાના રૂદ્રને રમ્ય રૂપોનું વર્ણન કર્યુ છે. તડકો જાણે વટનો કટકો .ઉનાળામાં ખુબ આકરો કાળઝાળ તડકો પગને દઝાડે છે. શિકારીની જેમ તરાપ મારે છે.

(૨૩) બોલમાં કાવ્યમાં મીરાં રાધાકૃષ્ણની ભકિતમાં લીન છે કૃષ્ણના નામ સ્મરણની શ્રેષ્ડતા ઘણા દાખલાઓ આપી સમજાવે છે. મીરાંભકિત રસના સ્વાદ ને સાકરને શેરડી જેવો મધુર માંને છે. ને શ્રીકૃષ્ણ માટેની પ્રીતિ હીરા માણેક ને ઝવેરાત જેવી મૂલ્યવાન ગણે છે. આમ આ પદમાં મીરાં એ શ્રીકૃષ્ણ ભક્તિ નો મહિમા ગાયો છે.

(૨૪) નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈ ના મામેરા નો પ્રસંગનું વર્ણન છે પુત્રીના મામેરા માટે પિતા પાસે પૈસા નથી. પણ ઈશ્વરમાં શ્રદ્ધા છે. કે શ્રીકૃષ્ણ જરૂર તેમની પુત્રી ની સીમંત નો પ્રસંગ જરૂર થી પાર પાડશે નરસિહ મનોમન ભગવાનને કામ પાર પાડવા પ્રાર્થના કરે છે જે કેટલાક સંતો વૈરાગી ઓને સાથે લઈને મામેરુ કરવાની કહે છે સાથે તુલસી કાષ્ઠ, ગોપીચંદન, વાજિત્ર, છાપ, તિલક ને કરતાલ લીધાં છે. નરસિંહ મામેરાની ચિંતા શ્રીકૃષ્ણ પર છોડી દીધી છે.પ્રમાનંદે નરસિહ મહેતાની વહેલ નબવા બળદોની હાલત મોસાળાની સામગ્રી વિગેરે નું રસપ્રદ વર્ણન કરી તાદશ ચિત્ર ઉભુ કર્યુ છે. પ્રેમાનંદની રસનિરૂપણ કલાને વર્ણન કલાનો પરિચય થાય છે.

(૨૫) કાવ્યપંક્તિ સમજાવો કોઈ એકઃ-

૧) ધન્ય જમુના તટ -મેહુલો ગાજેન માધવ નાચેનો ભાવ વ્યકત કરતા નરસિંહ આનંદ અનુભવ કરતાં કહે છે કે :-ધન્ય જમુનાતટને ધન્ય છે બંસીવટને જયાં શ્રીકૃષ્ણની આ લીલાના દર્શન કરવાનો લહાવો મળ્યો, ધન્ય છે નરસિંહ મહેતાની જીભને જેને આ સમયે મલ્હાર રાગ ગાયો છેઃ

૨) ગંગા નદીના પાણીનો પ્રવાહ વધે-ઘટે છે પણ માતાના પ્રેમનો પ્રવાહ સદા એક સરખો રહે છે.આકાશની વાદળી ઘડીક વરસી જાય છે પરંતુ માતાના પ્રેમનો વરસાદ તો બારે માસ વરસ્યા કરે છે તો જનનીની જનેતાની માતાની જોડ કયાય મળતી નથી.માતા એટલી બધી મહાન છે કે તેના સમાન કોઈ નથી.

(૩) ગરીબોને પોતાના કૂબા (ઝૂંપડા) માં દીવો કરવા તેલનું એક ટીપુંય મળતું નથી અને શ્રીમતોની કબર પર ઘી ના દીવા થાય છે. આવી કેટલીક બાબતો જોઈને કવિને આશ્ચર્ય થાય છે અને તેમના મનમાં પ્રશ્ન જાગે છે. કવિ કહે છે કે મને એ સમજાતું નથી કે આવું કેમ થાય છે ? જે ન થવું જોઈએ એમ કવિ માને છે.